મ્યુઝિયમ અને એમપી થિયેટર પાસે ઊભા કરાયેલા લોખંડના સ્ટ્રક્ચરો હટાવી સોલાર ટ્રી અન્યત્ર ખસેડાશે

# કમાટીબાગને 'કોન્ક્રીટ જંગલ' બનતું અટકાવવા મોર્નિંગ વોકર્સનો સત્યાગ્રહ રંગ લાવ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા.7
વડોદરાના ઐતિહાસિક સયાજીબાગની પ્રાકૃતિક સુંદરતા અને ખુલ્લી જગ્યાઓ જાળવી રાખવા માટે મોર્નિંગ વોકર્સ, સ્થાનિક નાગરિકો અને પર્યાવરણપ્રેમીઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો સામે આખરે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને નમતું જોખવાની ફરજ પડી છે. ઝી 24 કલાકના અહેવાલ અને લોકવિરોધની વ્યાપક અસરને પગલે કોર્પોરેશન તંત્ર દ્વારા કમાટીબાગમાં મ્યુઝિયમ સામે ઊભું કરાયેલું સોલાર ટ્રી હટાવી લેવામાં આવ્યું છે અને આસપાસ ચાલી રહેલા કન્સ્ટ્રક્શન કામને સ્થગિત કરી દેવાયું છે. કમાટીબાગમાં ઐતિહાસિક મ્યુઝિયમની સામે આવેલ બગીચાના વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા 'સેવાજ્યોત સર્કલ' નિર્માણ કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત, એમ્ફી થિયેટર નજીક ભારેખમ લોખંડના સ્ટ્રક્ચર પર સોલાર પ્લેટો ધરાવતું સોલાર ટ્રી ઊભું કરવામાં આવ્યું હતું. બગીચાની કુદરતી હરિયાળી અને લીલુંછમ ઘાસ દૂર કરીને કોન્ક્રીટનું પાકું બાંધકામ કરવાનો મોર્નિંગ વોકર્સ દ્વારા સખત વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. આ મુદ્દે કોંગ્રેસ નેતા નરેન્દ્ર રાવત અને સ્થાનિક મોર્નિંગ વોકર્સે મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆતો કરી હતી. રજૂઆત દરમિયાન જણાવાયું હતું કે કમાટીબાગ એ વડોદરાનું હૃદય છે અને તે ઓલરેડી સેચ્યુરેટેડ થઈ ચૂક્યું છે. બગીચામાં કુદરતી રીતે પુષ્કળ વૃક્ષો હાજર છે ત્યારે સોલાર ટ્રી જેવા ભારેખમ લોખંડના સ્ટ્રક્ચરો ઊભા કરવાથી સુંદરતા જોખમાય છે અને અકસ્માતનો ભય પણ રહે છે.

આ પ્રકારના કન્સ્ટ્રક્શનથી નાગરિકો માટે ખુલ્લી જગ્યા ઓછી થઈ જાય છે, જેથી કમાટીબાગને કોન્ક્રીટનું જંગલ ન બનવા દેવાય. કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ અને કમિશનર સાથે થયેલી વાટાઘાટો બાદ તંત્રને સ્થિતિનો તાગ મળ્યો હતો.

ગાંધી અને શાસ્ત્રી જયંતી નિમિત્તે પ્રાર્થના

# રાવપુરામાં અખિલ ભારતીય સેવાદળ દ્વારા પ્રાર્થના સભા યોજાઈ



ભૂલ્યા જ્યારે અંગ્રેજ ધર્મ..." કાવ્યપંક્તિઓ અને ગાંધી ગીતોથી ગુંજી ઉઠ્યું રાવપુરાનું વાતાવરણ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7
અખિલ ભારતીય સેવાદળ, વડોદરા દ્વારા ગત 2જી ઓક્ટોબરે રાવપુરા સ્થિત શ્રી રામ ટ્રેડર્સ, મામાની પોળ ખાતે ગાંધી જયંતી અને પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજીના જન્મજયંતી નિમિત્તે એક વિશેષ પ્રાર્થના સભા અને કાવ્યાંજલિ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડોદરાના અનેક અગ્રણીઓ અને સેવાદળના કાર્યકરોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહી મહાનુભાવોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમની મંગલ શરૂઆત સેવાદળના મંત્રી પ્રજ્ઞાબેન વિનોદકુમાર પરમાર દ્વારા સર્વ ધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી હતી, જેણે ઉપસ્થિત સૌના હૃદયમાં શાંતિ અને રાષ્ટ્રભાવનાની દીપિકા પ્રગટાવી હતી. ત્યારબાદ જિલ્લા ધિનાયક મંગળભાઈ વાઘેલાએ ઉપસ્થિત તમામ મહાનુભાવો અને કાર્યકરોનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

વિશ્વામિત્રી રોડ પર ટ્રાફિક સમસ્યા વિકટ બની : નાગરિકો પરેશાન

# આડેધડ દબાણો તાત્કાલિક હટાવવા શૈલેન્દ્રસિંહ ઠાકોરનો તંત્રને પત્ર

રસ્તાની બંને બાજુ કબ્જો જમાવી બેઠેલા દબાણકારો સામે કડક ઝુંબેશ ચલાવવા દબાણ શાખા અને ટ્રાફિક પોલીસ પાસે માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.7
સંસ્કારી નગરી વડોદરાના લાલબાગથી વિશ્વામિત્રી તરફ જતાં મુખ્ય માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી વધતા જતા ગેરકાયદે દબાણો અને તેના કારણે સર્જાતી વાહનવ્યવહારની ગંભીર સમસ્યાને લઈને સામાજિક કાર્યકર અને સ્થાનિક કાઉન્સિલર શૈલેન્દ્રસિંહ ઠાકોર દ્વારા પાલિકા તંત્ર અને સંબંધિત અધિકારીઓને લેખિતમાં કડક રજૂઆત કરવામાં આવી છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોને પડી રહેલી ભારે અગવડોને ધ્યાને રાખીને કરવામાં આવેલી આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, લાલબાગ અને વિશ્વામિત્રી વિસ્તારને જોડતો આ માર્ગ શહેરનો અત્યંત મહત્વનો અને સતત ધમધમતો રસ્તો છે. આ રોડ પરથી દૈનિક હજારો નાના-મોટા વાહનો પસાર થાય છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી રસ્તાની બંને બાજુએ લારી-ગલ્લાં અને ગેરકાયદે દબાણકારોએ પોતાના અડ્ડા જમાવી દીધા છે, જેના કારણે માર્ગ અત્યંત સાંકડો થઈ ગયો છે.

રજૂઆતમાં વધુમાં ઉમેરવામાં આવ્યું છે કે, પીક અવર્સ દરમિયાન આ વિસ્તારમાં ટ્રાફિક જામની વિકટ સમસ્યા સર્જાય છે. રસ્તા પર ગેરકાયદે પાર્કિંગ અને દબાણોના કારણે અકસ્માતનો ભય સતત તોળાયા કરે છે. એટલું જ નહીં, ઘણીવાર ઈમરજન્સી સેવાઓ જેવી કે એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડના વાહનો પણ ટ્રાફિકમાં ફસાઈ જાય છે, જે નાગરિકોના જીવ માટે જોખમી સાબિત થઈ શકે તેમ છે. સામાજિક કાર્યકર અને સ્થાનિક કાઉન્સિલર શૈલેન્દ્રસિંહ ઠાકોરે પાલિકાના દબાણ શાખા અને ટ્રાફિક પોલીસ વિભાગ પાસે માંગ કરી છે કે, પ્રજાની સુવિધા અને સલામતીને પ્રાધાન્ય આપીને લાલબાગ-વિશ્વામિત્રી રોડ પરના તમામ આડેધડ દબાણો ત્વરિત ધોરણે દૂર કરવામાં આવે. જો તંત્ર દ્વારા આ બાબતે સત્વરે યોગ્ય અને નક્કર કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સ્થાનિક રહીશોને સાથે રાખીને ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમો આપવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## વડોદરા શહેરમાં ૮૦ના દાયકાની ફિલ્મી દુનિયાને જીવંત કરાઇ




વડોદરા : પાછલા મહિનામાં AIની મદદથી લોકોએ ૮૦ના દાયકાનો લુકવાળા ફોટો બનાવીને સોશિયલ મીડિયા પર અપલોડ કર્યા હતા. જે દુનિયાનો લાઇવ અનુભવ કરવાના આશયથી શહેરના ન્યૂ અલકાપુરી વિસ્તારમાં આવેલા ધ મોર્સેલ દ્વારા ક્યુરેટેડ ફ્લિન્સ્ટોન્સ મલ્ટી-કુઝિન રેસ્ટોરન્ટ અને કાફે ખાતે ૮૦ના દાયકાની ફિલ્મી દુનિયાને જીવંત કરતા રેટ્રો થીમ પર ખાસ પાર્ટીનું આયોજન કરાયું હતું. જે વિશે માહિતી આપતા અમિત પબાની અને વૈષ્ણવી બહેને જણાવ્યું હતું કે, ખાસ પાર્ટીમાં ૮૦ના દાયકાનો ગોલ્ડન એરા જીવંત કરતા રેટ્રો સિનેમેટિક થીમ અંતર્ગત જૂના જમાનાના ફિલ્મી કેમેરા, લાઇટ્સ, રેકોર્ડ પ્લેયર્સ, રેટ્રો ફોન, ફિલ્મી પોસ્ટર્સ, બેનર્સ અને કટ-આઉટ્સ લગાવાયા હતા. જેથી ઉપસ્થિતોને ૮૦ના દાયકાના કોઇ ફિલ્મી સેટ પર પહોંચી ગયા હોય એવો અનુભવ થયો હતો.

# વડોદરા રેલવે સ્ટેશનથી 20.2 કિલો ચાંદી સાથે મુસાફર ઝડપાયો

બે બેગમાંથી રૂ.3.40 લાખ રોકડા મળ્યા, રૂ.50 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.7
તહેવારોને પગલે વડોદરા રેલવે સ્ટેશન પર રેલવે પોલીસ દ્વારા હાથ ધરાયેલા સઘન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ બે બેગ સાથે રાજકોટના મુસાફરને ઝડપી પાડવામાં આવ્યો હતો. શાલીમાર-પોરબંદર એક્સપ્રેસ વડોદરા સ્ટેશન પહોંચતા પોલીસે બે બેગ સાથે મુસાફરી કરતા મુસાફરને અટકાવી તપાસ કરી હતી. બેગની તપાસ કરતાં 72 નંગ ચોરસા સહિત કુલ 20 કિલો 200 ગ્રામ ચાંદીના દાગીના મળી આવ્યા હતા. ઉપરાંત રૂ.3.40 લાખની રોકડ પણ મળી આવી હતી. પોલીસે ચાંદીના દાગીના અને રોકડ સહિત આશરે રૂ.50 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં આ મુદ્દામાલ છત્તીસગઢના રાયપુર નજીકના વિસ્તારમાંથી રાજકોટ લઈ જવાતો હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે દાગીનાના બિલ, GST દસ્તાવેજો તેમજ માલિકી હક અને હેરફેર અંગે તપાસ શરૂ કરી છે.

**રેલવે પોલીસે ચાંદીના કાયદેસર દસ્તાવેજો અંગે તપાસ શરૂ કરી**

વડોદરા રેલવે પીઆઈ જે.એસ. મહીડાએ જણાવ્યું હતું કે, પ્રાથમિક પૂછપરછમાં શંકાસ્પદ મુસાફરે ચાંદી તથા અન્ય મુદ્દામાલ છત્તીસગઢના રાયપુર નજીક આવેલા છપા ગામના એક જ્વેલર્સ પાસેથી ખરીદી રાજકોટ લઈ જતો હોવાનું જણાવ્યું છે. જોકે, ચાંદીના જથ્થા અંગે તેની પાસે કાયદેસરના બિલ, GST સહિતના જરૂરી દસ્તાવેજો છે કે નહીં તે હજુ સ્પષ્ટ થયું નથી. આ મુદ્દે રેલવે પોલીસની ટીમ દ્વારા શંકાસ્પદ વ્યક્તિની વધુ પૂછપરછ તથા દસ્તાવેજોની ચકાસણી હાથ ધરાઇ છે. ચાંદીના જથ્થાના બિલ સહિતના દસ્તાવેજોની પણ તપાસ શરૂ કરી છે.

અનુકૂલન, શમન અને આગામી પેઢી માટે રઝિલિયન્ટ શહેરો મુદ્દે નિષ્ણાતોનું મંથન

# MSUના ICCR દ્વારા ક્લાઈમેટ ચેન્જ પર સિમ્પોઝિયમ યોજાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.7
ફેકલ્ટી ઓફ ટેક્નોલોજી એન્ડ એન્જિનિયરિંગ અને નોવેલ કન્કોર્ડિયમ ખાતે યોજાયેલા આ સિમ્પોઝિયમમાં અનુકૂલન, શમન અને રઝિલિયન્ટ શહેરો એમ ત્રણ મુખ્ય વિષયો પર ચર્ચા કરાઈ હતી. સિમ્પોઝિયમના મુખ્ય મહેમાન યુનિવર્સિટીના કુલાધિપતિ રાજમાતા શુભાંગિનીદેવી રાજે ગાયકવાડ હતા. અધ્યક્ષસ્થાને કુલપતિ પ્રો. ભાલચંદ્ર ભણગે હાજર રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે પદ્મશ્રી પ્રો. જી.ડી. યાદવ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટી ગીત અને દીપ પ્રાગટ્યથી થઈ હતી. પ્રો. એચ.એમ. પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. ટેકનિકલ સત્રોમાં વિવિધ નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું. પદ્મશ્રી પ્રો. જી.ડી. યાદવે વેસ્ટ કાર્બન ફાઇલ અને એનર્જી ટ્રાન્ઝિશન મુદ્દે



વાત કરી હતી અને સૌર, પવન અને હાઈડ્રોજન તેમજ 4 R સિદ્ધાંતો પર ભાર મૂક્યો હતો. પ્રો. મીનળ પાઠકે ગુજરાતમાં નેટ ઝીરો ઉત્સર્જન હાંસલ કરવા મુદ્દે, પ્રો. શરદ જૈને ક્લાઈમેટ રિસ્ક મિટિગેશન એન્ડ સર્વિંગ ક્લાઈમેટ મુદ્દે, શૌર્ય પટેલે ક્લાઈમેટ એક્શન અને ઈન્ક્લુઝન મુદ્દે તથા પ્રો. અનુરાગ કાંડ્યાએ હીટ એક્શન પ્લાન અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે ડો. નીતિન ભટ્ટ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

પોદાર વર્લ્ડ સ્કૂલ ખાતે વિજેતાઓને ટ્રોફી અને મેડલ એનાયત

# સીબીએસઈ નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનું સમાપન થયું

છ દિવસીય રાષ્ટ્રીય સ્પર્ધામાં દેશભરના ખેલાડીઓએ દેખાડી પ્રતિભા




(પ્રતિનિધિ) વડોદરા, તા.7
વડોદરાના શેરખી સ્થિત પોદાર વર્લ્ડ સ્કૂલ ખાતે આયોજિત સીબીએસઈ નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનો સમાપન સમારોહ યોજાયો હતો. શાળાના પ્રેસિડેન્સી ક્લબ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ સમારોહમાં દેશભરના વિવિધ રાજ્યોમાંથી આવેલા ખેલાડીઓ, કોચ અને રમત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

છ દિવસ સુધી ચાલેલી આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સીબીએસઈ સંલગ્ન શાળાઓના મોટી સંખ્યામાં ખેલાડીઓએ ભાગ લીધો હતો. વિવિધ વયજૂથોમાં યોજાયેલી મેચોમાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કર્યું હતું. સમગ્ર સ્પર્ધા દરમિયાન રોમાંચક મુકાબલાઓ જોવા મળતા રમતપ્રેમીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. સમાપન સમારોહ દરમિયાન વિજેતા ખેલાડીઓ અને ટીમોને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્રો અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સવારના સમયે સોસાયટીના પરિસરમાં અચાનક વન્યજીવ દેખાતા રહીશોમાં મચી દોડધામ

# GSPCA રેસ્ક્યુઅરની સતર્કતાથી શાહુડી ઈજા વગર સુરક્ષિત બચાવાઈ

**વન વિભાગના** માર્ગદર્શન હેઠળ સ્વાસ્થ્ય ચકાસીને કુદરતી આવાસમાં કરાયું પુનઃ પ્રવેશ



(પ્રતિનિધિ) વડોદરા, તા.7
શહેરના કલાલી વિસ્તારમાં આવેલી VICENZA HIGHBELLE સોસાયટીમાં આજે વહેલી સવારે એક અણધારી ઘટના બનવા પામી હતી. સોસાયટીના પરિસરમાં અચાનક જ ભારતીય શાહુડી ઘૂસી આવતા સ્થાનિક રહીશોમાં ભારે કુતુહલ સાથે ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. સવારના શાંત વાતાવરણમાં વન્યજીવના પ્રવેશથી થોડી ક્ષણો માટે અફરાતફરી મચી ગઈ હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સોસાયટીના જાગૃત રહીશોએ કોઈપણ પ્રકારનો વિલંબ કર્યા વિના તરત જ વન્યજીવ સંરક્ષણ માટે જાણીતી સંસ્થા GSPCAના હેલ્પલાઈન નંબર પર સંપર્ક કર્યો હતો.

માહિતી મળતાની સાથે જ GSPCAના અનુભવી રેસ્ક્યુઅર પ્રિગ્નેશભાઈ પોતાની ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. રેસ્ક્યુ ટીમ દ્વારા ખૂબ જ સાવચેતીપૂર્વક અને વ્યાવસાયિક કુશળતા દાખવીને સહુડીને કોઈ પણ પ્રકારની શારીરિક ઈજા પહોંચાડ્યા વિના કુશળતાપૂર્વક સુરક્ષિત રીતે પકડી લેવામાં આવી હતી.

શાહુડીનું સફળ રેસ્ક્યુ કર્યા બાદ તાત્કાલિક વન વિભાગને આ અંગે સત્તાવાર જાણ કરવામાં આવી હતી. વન વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં નિષ્ણાતો દ્વારા આ વન્યજીવનું પ્રાથમિક આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં શાહુડી સંપૂર્ણપણે સ્વસ્થ હોવાનું જણાયું હતું. ત્યારબાદ, વન વિભાગની ચોક્કસ માર્ગદર્શિકા અને પ્રોટોકોલ મુજબ આ ભારતીય શાહુડીને તેના સલામત અને કુદરતી રહેઠાણ એટલે કે નજીકના જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે છોડી મૂકવામાં આવી હતી.

શહેરી વિસ્તારમાં અવારનવાર વન્યજીવો આવી ચડવાની ઘટનાઓમાં GSPCA અને વન વિભાગના સમયસૂચક સહકારથી વધુ એક વખત કોઈ જીવને નુકસાન પહોંચ્યા વગર સુરક્ષિત બચાવી લેવામાં આવતા પ્રકૃતિ પ્રેમીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

કંડલા ખાતે ટેક્નોલોજી પ્રદર્શન યોજાયું

# ગ્રીન ઊર્જા અને દરિયાઈ ક્ષેત્રના કાર્બન ઉત્સર્જન ઘટાડવા પ્રકલ્પો પર ભાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.7
કંડલા ખાતે દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા 'કંડલા ફોરમ 2026 - દરિયાઈ ક્ષેત્રને કાર્બનમુક્ત કરવાની દિશામાં' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં હાઇડ્રોજન, સ્વચ્છ ઊર્જા, જહાજ પરિવહન, જહાજ નિર્માણ, ઈજનેરી, ટેક્નોલોજી અને નાણાકીય ક્ષેત્રના દેશ-વિદેશના આગેવાનો એકત્ર થયા હતા.

કાર્યક્રમમાં હાઇડ્રોજન પરિષદની 62 સભ્ય કંપનીઓનું પ્રતિનિધિત્વ કરતા 200થી વધુ વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. કંડલાને હરિત ઊર્જા અને પર્યાવરણને અનુકૂળ દરિયાઈ વ્યવસ્થાના કેન્દ્ર તરીકે વિકસાવવા રોકાણ, ટેક્નોલોજી સહયોગ અને નવા પ્રકલ્પો અંગે ચર્ચા કરવામાં આવી હતી. દીનદયાલ પોર્ટ ઓથોરિટીના અધ્યક્ષ શ્રી સુશીલ કુમાર સિંહે કંડલા ખાતે વિકસાવવામાં આવી રહેલા હરિત હાઇડ્રોજન અને તેના આધારિત ઉત્પાદનોના માળખા અંગે માહિતી આપી હતી. પોર્ટ ખાતે 1 મેગાવોટનો હરિત હાઇડ્રોજન પ્લાન્ટ કાર્યરત છે અને વધુ સુવિધાઓનું નિર્માણ ચાલી રહ્યું છે. પોર્ટે ભારતનું પ્રથમ મેથેનોલ ભરવાની પરીક્ષણ કામગીરી પણ પૂર્ણ કરી છે. પ્રતિનિધિઓએ કંડલા બંદરની મુલાકાત લઈ આગામી ઈ-મેથેનોલ સુવિધા, હરિત હાઇડ્રોજન પ્લાન્ટ અને માલસામાન જેટી વિસ્તારની કામગીરી નિહાળી હતી.

ગાંધીધામ ખાતે ટેક્નોલોજી પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## કુટુંબ અને સામુદાયિક વિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા એક દિવસીય તરંગ કાર્યક્રમનું આયોજન

વડોદરા : એમએસયુની કુટુંબ અને સામુદાયિક વિજ્ઞાન વિભાગના મદદનીશ અધ્યાપક ડો. કૃતિકા બાટેએ જણાવ્યું હતું કે અભ્યાસક્રમમાં અવાજ વિહોણા સુધી પહોંચવું વિષય હેઠળ વિવિધ માધ્યમોનો ઉપયોગ કરી લોકો સુધી કેવી રીતે પહોંચવું તે શીખવવામાં આવે છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ આપવા માટેનું ઉત્તમ મંચ છે. કાર્યક્રમમાં કુલ 24 સ્ટોલ લગાવવામાં આવ્યા હતા, જેમાં વિવિધ ચીજવસ્તુઓ, ભોજન સ્ટોલ, વિભાગીય પ્રવૃત્તિઓ તેમજ પરિધાન પ્રત્યાયન કાર્યક્રમના સ્ટોલનો સમાવેશ થતો હતો. સામાજિક માધ્યમ આયોજન, ઓનલાઈન વિષયવસ્તુ પ્રસારણ અને ધ્વનિ પ્રસારણ સંદર્ભે વિશેષ સ્ટોલ કાર્યરત કરાયો હતો. સભાખંડમાં શહેરની ૬ જેટલી શાળાઓ વચ્ચે પ્રશ્નમંચ સ્પર્ધા યોજાઈ હતી.

'વહો વિશ્વામિત્રી અભિયાન' હેઠળ શરૂ કરાયો મેગા પ્રોજેક્ટ

# વિશ્વામિત્રી નદીને કુદરતી રીતે શુદ્ધ કરવાનો પ્રયાસ

કોર્પોરેશનના એસ.ટી.પી. પ્લાન્ટ જેવું કુદરતી કામ કરશે ચમત્કારિક 'વેટીવર સ્લીપ' ઘાસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7
ઓળખ સમાન વિશ્વામિત્રી નદીને તેના મૂળ સ્વરૂપમાં પાછી લાવવા અને પ્રદૂષણમુક્ત કરવા માટે હવે એક અનોખો અને ક્રાંતિકારી અભિયાન શરૂ કરવામાં આવ્યો છે. વડોદરાના જાણીતા સેવાભાવી સંગઠનો અને વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે નદીના પાણીને કેમિકલ અને દુર્ગંધ મુક્ત કરવા માટે કુદરતી ઉપાય અપનાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રકૃતિની ગોદમાં ઉછરતા ચમત્કારિક 'વેટીવર ઘાસ' (વેટીવર સ્લીપ) નો સહારો લેવામાં આવી રહ્યો છે, જે આગામી સમયમાં વડોદરાવાસીઓ માટે એક નવું નજરાણું સાબિત થશે. આ સમગ્ર પ્રોજેક્ટની વિગતો આપતા સંબંધિત સૂત્રોએ જણાવ્યું કે, આઈ.પી.એસ. અધિકારી સુધાબેન પાંડેના માર્ગદર્શન અને પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ 'વોહો વિશ્વામિત્રી અભિયાન' ધમધમી રહ્યું છે. આ મહાઅભિયાનમાં વિશ્વામિત્રી સેવા સમિતિ, લાઈફ વિથ વાઈલ્ડલાઈફ, યુગ અભિયાન ફાઉન્ડેશન, બામ્બુવલ્ડ અને સેવા ફાઉન્ડેશનના સમર્પિત સ્વયંસેવકો ખભે-ખભો મિલાવીને કામ કરી રહ્યા છે.

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**ટેન્ડર નોટીસ**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૪૬૮/૨૬-૨૭ | એફોર્ડેબલ હાઉસિંગ સેલ | 03 | ૩૧,૩૬,૭૧,૩૦૪/- |
| ૨ | ૪૬૯/૨૬-૨૭ | પૂર્વ ઝોન | ૧૬ | ૫૯,૮૯,૩૯૭/- |
| 3 | ૪૭૧/૨૬-૨૭ | દક્ષિણ ઝોન | ૦૧ | ૨,૩૦,૭૦૩/- |
| ૪ | ૪૭૨/૨૬-૨૭ | યુ.સી.ડી.પ્રોજેક્ટ | ૦૮ | ૩,૫૮,૮૬,૭૨૮/- |
| ૫ | ૪૭૩/૨૬-૨૭ | વ્હીકલપુલ શાખા | ૧૫ | ૬,૮૬,૯૯૬/- |
| ૬ | ૪૭૪/૨૬-૨૭ | ઇલે.મિકે.સુવેજ | ૦૧ | ૨,૬૧,૦૨૭/- |

**નોંધ: અ.નં.૧ અને ૪ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.**

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.
પી.આર.ઓ.નં.૪૭૫/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

10 ઓક્ટોબર સુધી રાત્રિના આકાશમાં ઉલ્કાવર્ષાનો અદ્ભુત નજારો જોવા મળશે

# ધૂમકેતુની ધૂળથી સર્જાશે ઉલ્કા વર્ષા, ઉત્તર-પશ્ચિમ દિશામાં જોવા મળશે અદભૂત દ્રશ્ય

**સાંજે 7:30થી** મધરાત્રીના 1:30 સુધી ઉલ્કાવર્ષા જોવા મળશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.7
ખગોળ પ્રેમીઓ અને પ્રકૃતિ પ્રેમીઓ માટે આ સપ્તાહ ખાસ બની રહેવાનું છે. આગામી તા. 10 ઓક્ટોબર સુધી રાત્રિના આકાશમાં ઉલ્કા વર્ષાનો અદ્ભુત અને દુર્લભ નજારો જોવા મળશે. આ ઘટના વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં નરી આંખે જોઈ શકાશે.

વડોદરાના જાણીતા ખગોળ શાસ્ત્રી દિવ્યદર્શન પુરોહિતે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ઉત્તર-પશ્ચિમ દિશા વચ્ચે વાયવ્ય ખૂણામાં આ ખગોળીય ઘટના બનશે.



ધ્રુવ તારાથી ડાબી બાજુએ, સ્વાતિ અને અભિજીત નક્ષત્રોની વચ્ચે અને સપ્તર્ષિ મંડળની ઉપરના ભાગમાં કાલિય ઉલ્કા વર્ષા જોવા મળશે. આ ઉલ્કા વર્ષા સાંજે 7:30 વાગ્યાથી શરૂ થઈ મધ્યરાત્રિના 1:30 વાગ્યા સુધી સત જોઈ શકાશે.

જો તમારા વિસ્તારમાં ઉત્તર-પશ્ચિમ દિશા તરફ થોડું અંધારું હોય, લાઈટનું પ્રદૂષણ ઓછું હોય અને આકાશમાં વાદળો ન હોય તો એક કલાકમાં 5 થી 20 જેટલી ઉલ્કાઓ ખરતી સ્પષ્ટ જોઈ શકાશે. ઘણા લોકો તેને તૂટતા તારા કહે છે, પરંતુ હકીકતમાં ઉલ્કા એ ધૂમકેતુ દ્વારા છોડવામાં આવેલી ધૂળ અને નાના કણો છે.

જ્યારે પૃથ્વી આ ધૂળના વાદળમાંથી પસાર થાય છે, ત્યારે આ કણો અત્યંત ઝડપે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે અને ઘર્ષણને કારણે સળગી ઉઠે છે, જેના કારણે તૂટતા તારા જેવો પ્રકાશનો લિસોટો જોવા મળે છે. ખગોળ શાસ્ત્રી પુરોહિતે નાગરિકોને અપીલ કરી છે કે આ અદભૂત કુદરતી ઘટનાને પરિવાર સાથે અગાસીમાં કે ખુલ્લી જગ્યાએથી અવશ્ય નિહાળો અને આ અવસરે પ્રકૃતિનો આભાર માનવાનું ચૂકશો નહીં.

## ક્રેડિટ કાર્ડ લિમિટ વધારવા માટેની APK ખોલતાં જ વૃદ્ધના રૂ.75 હજાર કપાઈ ગયા

વડોદરા : અલ્કાપુરીમાં રહેતા 69 વર્ષીય નિવૃત્ત વૃદ્ધને વોટ્સએપ પર RBL ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાના બહાને મોકલાયેલી APK ફાઇલ ખોલવી ભારે પડી હતી. ફાઇલ પર ક્લિક કરતાની સાથે જ સાયબર ઠગોએ મોબાઇલમાં ઘૂસણખોરી કરી ક્રેડિટ કાર્ડમાંથી ત્રણ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.75 હજાર ઉપાડી લીધા હતા. એટલું જ નહીં, વૃદ્ધના ફોનમાં આવતા OTP અને ટેક્સ્ટ મેસેજ પણ ઠગોએ અન્ય મોબાઇલ નંબર પર ફોરવર્ડ કરી દીધા હતા. અલ્કાપુરી વિસ્તારમાં રહેતા 69 વર્ષીય નિવૃત્ત નરેન્દ્રભાઈ રતિલાલ શેઠને તા.30 સપ્ટેમ્બરે અજાણ્યા મોબાઇલ નંબર પરથી વોટ્સએપ પર 'RBL CREDIT CARD LIMIT INCREASE1.APK' નામની ફાઇલ મોકલવામાં આવી હતી.

ઇન્ડિયન બેંક Indian Bank ALLAHABAD **ઝોનલ ઓફિસ, વેસુ, સુરત.**
**ઈ-હરાજી નોટીસ નો સુધારો**
આ સુધારો તા.૨૨/૦૯/૨૦૨૬ના રોજ બિઝનેશ સ્ટાર્ટ-અમદાવાદ આવૃત્તિ પાના નં.૧૭ અને ગુજરાત મિત્ર-બરોડા આવૃત્તિના પાના નં.૦૨ પર સુરત ઝોનલ ઓફિસ, સુરતની ઈ-હરાજી નોટીસ પ્રસિધ્ધ થઈ હતી તે સંદર્ભે છે. સદરહુ નોટીસ ના ક્રમ નં ૪ બરોડા શાખા ખાતુ: મેસર્સ પબ્લિક એજન્સી (ભાગીદારી પેઢી અને મોર્ગેજર) ના મિલકતની હરાજી આ સાથે રદ કરી પાછી ખેચવામાં આવી છે. તારીખ ૨૨/૦૯/૨૦૨૬ના રોજ પ્રસિધ્ધ બાકીના ક્રમ નંબરો અને તમામ વિગતો અને વર્ણન નોટીસમાં જણાવ્યા મુજબ યથાવત રહેશે.
સ્થળ : સુરત, તારીખ :૦૭/૧૦/૨૦૨૬
અધિકૃત અધિકારી, ઈન્ડિયન બેંક.

**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ** IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ । ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨
પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૧૮ જુલાઈ ૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. કિશોરભાઈ કાંતીભાઈ સરણીયા ૨.ધીરજબેન સરણીયા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૩,૧૦,૪૪૭,૪૮/- (અંકે રૂપિયા ત્રણ લાખ દસ હજાર ચારસો સુડતાલીસ અને ઉડતાલીસ પૈસા પુરા) તા.૧૩ જુલાઈ ૨૦૨૬** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૬ મી ઓકટોમ્બર ૨૦૨૬** ના રોજ આ નો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૩,૧૦,૪૪૭,૪૮/- (અંકે રૂપિયા ત્રણ લાખ દસ હજાર ચારસો સુડતાલીસ અને ઉડતાલીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**
તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ગામતળની જમીન પર આવેલ રહેણાંક નુ ઘર જે ગ્રામ પંચાયત ની મિલકત નં. ૧૩૬ મિલકત નો એરીયા ૧૦૪૦.૦૦ ચો.ફુટ ગામ સાનપિયા તા. દેસર. જિલ્લો, વડોદરા, ગુજરાત-૩૯૧૫૩૦ ખાતે આવેલ છે. જેની ચર્તુસીમા **પુર્વે** : વાડો, **પશ્ચિમે** : સિકલીગર પૂજાભાઈ નું ઘર, **ઉત્તરે** : આરસીસી રોડ, **દક્ષિણે** : સિકલીગર મંગળભાઈ નાથાભાઈ નું ઘર આવેલ છે.

તારીખ : ૦૬-૧૦-૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૫૮૭૦૦૩૭૬
સહિ/- **અધિકૃત અધિકારી, આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)**

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**પાણી અંગેની અગત્યની જાહેરાત**
આથી, જાહેર જનતા ને જણાવવાનું કે, વડોદરા મહાનગરપાલિકાની પાણી પુરવઠા પુરવઠા શાખા હસ્તકની નવીન બની રહેલ ઉંડેરા પાણીની ટાકી, કરોડિયા બુસ્ટર, ગોરવા-અંકોડિયા ટી.પી ૦૧ બુસ્ટરની ફીડર નળિકાનું જોડાણ પોઈચાની ૯૦૦ મીમી વ્યાસ પાણીની મુખ્ય ફીડર લાઇન સાથે કરવાનું કામ તેમજ પોઈચા મુખ્ય ફીડર નળિકા ઉપર છાણી બ્રીજ નીચે તથા ઇલોરા પાર્ક(રેસકોર્સ) ત્રણ રસ્તા પાસે ફ્લો મીટર બેસાડવાની કામગીરી હોઇ તારીખ: ૦૯.૧૦.૨૦૨૬ના રોજથી ૧)ગોરવા ટાંકી ૨) સુભાનપુરા ટાંકી ૩)વડીવાડી ટાંકી ૪)અકોટા ટાંકી ૫) કલાલી ટાંકી ૬)સુભાનપુરા બુસ્ટર(દશામાં મંદિર પાસે)માં સવારના પાણીના ઝોન બાદ કામગીરી લીધેલ હોય બપોર તેમજ સાંજનું પાણી વિતરણ કરવામાં આવશે નહી તેમજ તારીખ ૧૦.૧૦.૨૦૨૬ના રોજ સવારનું પાણી વિતરણ કરવામાં આવશે નહી તેમજ બપોરનો તથા સાંજનો ઝોન હળવા દબાણ તેમજ ઓછા સમય માટે તથા વિલંબથી પાણી વિતરણ કરવામાં આવશે. જેની ઉપરોક્ત જણાવેલ ટાકીઓ ના સંબંધિત વિસ્તારના નાગરીકોએ જાણમાં લઇ સાથ સહકાર આપવા વિનંતી છે.
પી.આર.ઓ.નં.૪૭૦/૨૦૨૬-૨૭ કાર્યપાલક ઇજનેર (પાણી પુરવઠા)